

ગરબાની રમઝટ - સિદ્ધાર્થ લૉ-કોલેજ, ગાંધીનગર દ્વારા નવરાત્રીના પ્રારંભે કૉલેજ કેમ્પસમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના યુવક - યુવતીઓએ પરંપરાગત વસ્ત્ર પરિધાન કરી ગરબામાં ઉત્સાહભેર ભાગ લઈ ઘૂમ્યા હતા. (તસવીર : દિપક જાની)

## હરિ નજર - ખરી નજર




અમારા આમને નવરાત્રીનો બહુ શોખ, ને વળી પાછી આચારસંહિતા લાગુ થઈ એટલે ના છૂટકે ચણિયાચોળી પહેરાવીને લાવી છું... બીજું શું કરું

# ગુજરાત વિધાનસભા પેન્શનર્સ સમાજનો પાંચમો ઈનામોત્સવ અને સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભા પેન્સનર્સ સમાજનો પાંચમો ઈનામોત્સવ અને સ્નેહમિલન સમારોહ રવિવારે સવારે યોજવામાં આવ્યો હતો.

બ્રહ્માણી કૃપા હૉલ, કડી કૅમ્પસ ખાતે યોજવામાં આવેલા આ સમારોહ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, સિનિયર સિટીઝન્સનું સન્માન, બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમાજની પૉકેટ ડિરેક્ટરીના વિમોચનનો ચતુર્વિધ સંયોગ સર્જાયો હતો.



આ પ્રસંગે આયોજિત સમારોહના પ્રમુખ તરીકે સંસ્થાના ઉપપ્રમુખ મંગળદાસ પટેલ અને અતિથિ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના અંગત સચિવ ડી કે વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

દીપ પ્રાગટ્ય બાદ કુ. રિયા નિમાવત દ્વારા પ્રાર્થના નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંસ્થાના મંત્રી બી ડી શાહ દ્વારા સ્વાગત પ્રવચન બાદ ગત વર્ષે સદ્ગતિ પામેલા સમાજના પાંચ સભ્યો, વિધાનસભાના બે કર્મચારીઓ અને આજદિન સુધી સદ્ગતિ પામેલા સૌ સભ્યોના માનમાં મૌન પાળવામાં આવ્યું હતું.

પોતાના રસવાહી પ્રવચનમાં અતિથિ ડી કે વ્યાસ દ્વારા સઘળા નિવૃત્ત કર્મચારીઓ-અધિકારીઓને નિવૃત્તિ બાદ પણ આવી સર્જનાત્મક અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. હકીકતે આવી જ પ્રવૃત્તિઓ માનવીના નામને અમરત્વ બક્ષે છે અને આવી જ પ્રવૃત્તિઓથી માનવીની માનવતા મહેકી રહી છે એ બાબતનો એમણે સ્વીકાર કર્યો હતો. સમારોહ અંતર્ગત ઈનામ પ્રાપ્ત કરવા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રદર્શન કરવા જઈ રહેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને જીવનના દરેક ક્ષેત્રમાં જ્વલંત સફળથા મેળવવા તેમને શુભકામનાઓ પાઠવી હતી.

૬૫ વર્ષની આયુ પૂર્ણ કરનાર સંસ્થાના સભ્ય એવા ૮ સભ્યોનું અતિથિના હસ્તે શાલ, ફૂલહાર અને સન્માન પત્રના માધ્યમથી સન્માન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ ઉપસ્થિત અતિથિ અને હોદ્દેદારોના હસ્તે સમાજની પૉકેટ ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત દરેક સભ્યને ડિરેક્ટરી અર્પણ કરવામાં આવી હતી.

એ પછી જુનિયર કેજીથી માંડીને કૉલેજ કક્ષા સુધી ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરનારા ૪૬ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ ઈનામો અર્પણ કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના અંત ભાગમાં ૧૨ વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત પણ કરી હતી, જેમાં ગીત અને અભિનયની કૃતિઓ સામેલ હતી.

સંસ્થાના કારોબારી સભ્ય એલ જે રાજગુરુ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીઆઈપીએસમાં કાઉન્સિલર

ગાંધીનગર, તા. ૧૬

દિન-પ્રતિદિન વધતી જતી અપેક્ષાઓ, સ્પર્ધાત્મક પર્યાવરણને કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ બોજા હેઠળ હોય તેવો અનુભવ કરી રહ્યો છે. એક પ્રકારના આ તંગ વાતાવરણને પહોંચી વળવાં સ્કૂલમાં કાઉન્સિલીંગની ઉપલબ્ધતા માટે અનુકૂળતા સાધી આગળ વધવા માર્ગ દર્શન મળી રહે તે હેતુથી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજામાં કાયમી પ્રૉફેશનલ કાઉન્સિલર મેડમ સંગીતા પટેલની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સ્કૂલ તેમનો ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવે છે.

# ઉનાવા અને સરઢવના ગરબા ઈન્ટરનેટના માધ્યમથી વિશ્વ નિહાળી શકશે

સરઢવ, તા. ૧૬

ઉનાવા ગામ અને અંબાજી માંડવી પ્રગતિ મંડળ દ્વારા સરઢવમાં નવરાત્રી મહોત્સવ ૨૦૧૨ની દબદબાપૂર્વક ઉજવણી થઈ રહી છે.

સરઢવ ગામમાં પ્રથમ નોરતે પંકજ પટેલ, વિશ્વ મ્યુઝિકલ ગ્રુપ, કોલવડાએ સુરીલી સંગત જમાવી હતી.

દ્વિતીય નોરતે તા. ૧૭મીએ કમલેશ બારોટ, કોમલ આર્ટ, નરેસ સોલંકી, અમદાવાદ, તૃતીય નોરતે તા. ૧૮મીએ ટીના રબારી, જય મેલડી ગ્રુપ, અમદાવાદ. ચોથા નોરતે તા. ૧૯મીએ ગુલાબ રાઠોડ, અર્જુન ઠાકોર, જિગના પદ્યારામ, હિટ્સ મ્યુઝિકલ ગ્રુપ, પાલનપુર, પાંચમા નોરતાએ તા. ૨૦મીએ અલ્પેશ (દદુ), ૐકાર મ્યુઝિકલ ગ્રુપ, મહેસાણા. છઠ્ઠા નોરતા તા. ૨૧મી એ દેવજી ઠાકોર, રીના જોશી, હિટ્સ મ્યુઝિકલ ગ્રુપ, મહેસાણા. સાતમા નોરતાએ તા. ૨૨મીએ સાવન રાવલ, આરતી સુથાર, હિટ્સ મ્યુઝિકલ ગ્રુપ, પાલનપુર, આઠમા નોરતે તા. ૨૩મીએ સરલા દવે. દવે સુરાવલી ગ્રુપ ગાંધીનગર., નવમા નોરતે તા. ૨૪મીએ અશોક રાવળ યોગી મ્યુઝિકલ ગ્રુપ, સરઢવ, ૧૦ માં નોરતે શ્રીજી બેન્ડ (પિન્ટુ) મહેસાણા ખેલૈયાઓને સંગત આપશે.

આ રીતે દબદબાપૂર્વક સંપૂર્ણ ધાર્મિક વાતાવરણમાં હિન્દુ સંસ્કૃતિને અનુરૂપ ચાર તાલી ગરબા રમાતા હોય છે. પુરૂષો અને સ્ત્રીઓની લાઈનો અલગ હોય છે. જે સરઢવની વર્ષો જૂની પ્રણાલિકાને અનુરૂપ હોય છે. આ નવરાત્રી સો વર્ષ વધુ જૂની યોજાય છે. ઉગમળી ભાગોળે કાયમી ધોરણે પાકા બાંધકામ સાથે નવરાત્રિ માંડવી ચોક બનાવવામાં આવેલ છે.

ચોકમાં કાયમી ધોરણે ટાવર દરવાજો બનાવીને નવરાત્રી ચોકની આગવી આભા ઊભી કરી છે. વિશેષમાં રંગબેરંગી તોરણોથી મ્યુઝિકલ સંગીત સાધનો તથા ૨૦ જેટલા સ્પીકરોથી રાત્રી રંગીન રોશની નવરાત્રી ચોક ઝળહશે. આઠમની રાત્રીનો મહાપ્રસાદ કાજુ દ્રાક્ષનો થાય છે. જેનો સમગ્ર ગ્રામ લ્હાવો લે છે.

વિશિષ્ટતા આ નવરાત્રી એ છે કે સરઢવમાં ૧૦માં નોરતે સમગ્ર રાત્રી દરમિયાન ગામના ચોકઠાઓમાં ગરબા રમવામાં આવે છે. સવાર સુધી ગરબા ખેલીને માતાજીને વિદાય આપવામાં આવે છે. સમગ્ર નવરાત્રીનું પ્રસારણ www.desigujju.com થાય છે.

આ ઉપરાંત ઉનાવા ગામના નવરાત્રી મહોત્સવનું જીવંત પ્રસારણ www.ustream.tv/channel/unava-navratri-mahotsav-2012 પરથી થઈ રહ્યું છે.

# નવરાત્રીના ઢોલ વચ્ચે જાહેરાતોના ઢોલ વાગી રહ્યા છે

શક્તિની આરાધનાના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતના ગરવા લોકનૃત્ય ગરબાની રમઝટની વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ તરીકે ઓળખ હવે દૃઢ થઈ ગઈ છે. ગરબાની રજૂઆત તો નવ દિવસની (ને ક્યાંક વળી શરદ પૂનમ સુધીની) હતી જ. પણ એનું વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ તરીકેનું બ્રાન્ડીંગ થયું ત્યારે એણે આટલા વર્ષોથી ગરબે ઘૂમનારનું ય ધ્યાન ખેંચ્યું અને ગૌરવબોધ કરાવ્યો.

આ માર્કેટીંગની કલા છે. એક ઉત્સવને પ્રોડક્ટ તરીકે વિશ્વના સ્પર્ધક બજારમાં મૂકવા માટે એનું આવું બ્રાન્ડીંગ જરૂરી હતું. આ વિશેષતાને કારણે એ જગતનું ધ્યાન ખેંચે, મુલાકાતીઓને આકર્ષે અને ટુરીઝમનું બજાર ધમધમે. મુલાકાતીઓ આવે તેની સાથે આનુષંગિક નાના-મોટા અનેક વ્યવસાયોમાં તેજી આવે. રોજીની તક ઊભી થાય. નવરાત્રી ઉત્સવ તો હતો એનો એ જ છે. પણ આ નવા બ્રાન્ડીંગે એને નવી ઓળખ આપી... વૈશ્વિક સ્તરે એનો મહિમા કર્યો. માર્કેટીંગની આ રીત એડમેનની જાહેરાત કલાનો પરિપાક છે. આ જમાનો જાહેરાતનો છે. જાહેરાત દ્વારા ધંધા વ્યવસાયમાં વધારો થાય છે. સારું પેકેજીંગ ગ્રાહકને આકર્ષે છે. આ ક્ષેત્રના નિષ્ણાતો પદ્ધતિસરની વ્યૂહરચનાની મદદથી ધાર્યું નિશાન પાડે છે. નવરાત્રીના તહેવારને પણ એનો લાભ મળ્યો છે. વસ્ત્રો અને અલંકાર ઉપરાંત સુશોભન, ધ્વનિ-પ્રકાશ, સુરક્ષા જેવી અનેક બાબતો એની સાથે સંકળાયેલી છે. પૂજાપો અને પ્રસાદ પણ એમાં આવે. આ તમામ ક્ષેત્રે સ્પર્ધા અને ભાવતાલની ખેંચતાણ સાથે માલની ગુણવત્તા બાબતે વિશેષતા (કે સમાધાન) જેવા મુદ્દા પણ એમાં આવી જાય. વર્ષોનો પરંપરાગત તહેવાર આજે તેની ઉજવણી સંદર્ભે નવા નવા માર્કેટ સર કરી રહ્યો છે.


આ ઉપરાંત આ ક્ષેત્રમાં ગાયકો અને વાદ્યકારો બાબતે પણ આ માર્કેટીંગ અને એડવર્ટાઈઝીંગની કલાનો આશરો લેવાય છે. વિવિધ સંસ્થાઓ પોતાના રાસ-ગરબા મહોત્સવના આયોજનમાં વધુ ને વધુ લોકોને આકર્ષવા માગે છે. એમાં જ એમનો વ્યાવસાયિક લાભ છે. એટલે એ પોતાના આયોજનમાં સામેલ કલાકારો બાબતે આગોતરી જાહેરાત કરે છે. એ જ રીતે કલાકારો સ્વયં પણ પોતાની જાહેરાત કરે છે. અખબારોમાં આવી જાહેરાતો સતત ચમકતી રહે છે. કામ વધ્યું છે, કાર્યક્રમોનો સ્થળ-વિસ્તાર પણ વધ્યો છે. એટલે કલાકારો પણ વધ્યા છે. સૌની વચ્ચે કામ મેળવવા અને સારું મહેનતાણું મેળવવાની હરિફાઈ છે. કલકારો પણ વિવિધ રીતે જાહેરાત કરે છે. છાપાં, ચોપાનિયાં, હોર્ડિંગ કે પોસ્ટર વડે કે પોતાના કાર્યક્રમોમાં પોતાના વિશે વાત કરીને ! આવા પ્રચાર-પ્રસારની જરૂર છે જ પણ આ કલા વિવેકની કલા પણ છે. પોતાના વિશે કહેવાનું હોય ત્યારે તો ખાસ. પરંતુ ક્યારેક આવી જાહેરાતોમાં અતિરેક થતો ય અનુભવાય. પોતાને વેચવાના ઉતાવળભર્યા ઉત્સાહમાં કેટલીકવાર પ્રમાણભાન નથી જળવાતું. ક્યારેક હાસ્યાસ્પદ ટૉલ ક્લેઈમ્સ થાય છે. પોતાના વિશે વિશેષણોની ભરમાર કરતી વખતે એ વિશેષના અર્થ વિશેષનું અજ્ઞાન પણ દેખાય. તો વળી ક્યારેક પોતાની ઝબી રચવાનો સભાન પ્રયાસ પણ હોય. તો વળી ક્યારેક નર્યો અતિરેક ! કેટલા કલાકારો કોકિલ ને કોકિલા ? કિન્નરી ને ગંધર્વો ? સમ્રાટ ને સમ્રાજ્ઞી ? જોરદાર ને જાજરમાન ? અદ્ભૂત અને અદ્વિતીય ? કેટલું લોકલાગણીને માન ? કેટલાને પ્રચંડ પ્રતિસાદ ?

ભાષા વાપરવા માટે નથી, ઉપયોગમાં લેવા માટે છે. દરેક સેલ્સમેન પોતાનો માલ વેચવા પ્રયત્નશીલ હોય જ, એણે હોવું જોઈએ, પણ એણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે માલની અસલિયત શું છે ? માલ વિશે ક્યાં અને કોની આગળ વાત કરે છે ? મેડિકલ રિપ્રેઝન્ટેટીવ પોતાની કંપનીની દવા વિશે ડૉક્ટર આગળ વાત કરે છે પણ ભુલે છે કે સામે ડૉક્ટર છે, ત્યારે રજૂઆત હાસ્યાસ્પદ બને છે. કેટલીક રજૂઆત રસહીન હોય છે, શુષ્ક હોય છે. તો કેટલીક રૂટીન. કેટલીક રજૂઆતમાં વધુ પડતા મોટા (ક્યારેક અસંભવ) દાવા હોય છે, તો ક્યારેક અપ્રામાણિક અને સત્યથી વેગળા હોય છે. રજૂ થયેલા દાવાને કોઈ જ આધાર નથી હોતો. આવા પોકળ દાવા જ્યારે પડકારાય અને જૂઠ પકડાય છે અને પોલ ખૂલે ત્યારે સ્થિતિ ક્ષોભજનક બની જાય છે. જો કે આપણે ત્યાં જાહેરાતોની સચ્ચાઈ ચકાસાતી નથી એટલે એની શક્યતા ઓછી રહે છે એ ખરું. વળી ઘણા બધા લોકો જાહેરાતને જૂઠ માનીને ચાલે છે. જાહેરાતમાં કરાયેલા દાવા કે શબ્દજાળમાં એ ફસાતા નથી. કેટલાક એને હસી પણ નાખે છે. ત્રિકાળની જાણકારી ધરાવનાર અને તમામ સંકટનું નિવારણ કરવાની શક્તિ ધરાવતા હોવાની જાહેરાતમાં જ ૧૧૧/- રૂપિયામાં ત્રણ સવાલનો ઉલ્લેખ હોય છે. અન્યની કુંડળી જોનાર પોતાની સફળતાથી આગાહી નથી કરી શકતા. દૈવી શક્તિ અને ઈશ્વરીય આશીર્વાદથી ચમત્કારનો દાવો કરનારે જાહેરખબરનો આશરો લઈને ગ્રાહક શોધીને પેટ ભરવું પડે છે. પોતાની ગાયન-વાદન કલાના ગુણગાન ગાનાર પોતાને સમર્થ ગાયક-વાદકો સાથે સરખાવે છે. જાણીતા કલાકારોના ફોટા છાપે છે. પણ વક્રતા એ છે કે કેટલીક વાર આવા કલાકારો પોતાનો સાચેસાચ મહાન માનવા માંડે છે અને એમનો આ ભ્રમ એમના માટે ઘાતક પૂરવાર થાય છે. પોતે જે અસત્યને સત્ય માનવા માંડે છે એ જ્યારે નક્કર થપાટ બનીને વાગે છે ત્યારે એને સહન કરવા કે સામનો કરવાનું સામર્થ્ય નથી હોતું. આવા હતાશ કલાકારો પોતાની હતાશાને નશાના બંધાણી બની ભૂલવા મથે છે અથવા તો આત્મશ્લાઘામાં રાચી અન્ય સફળ કલાકારોની ઈર્ષા અને નિંદામાં પડી જાય છે. અને એ રીતે પોતાની નિષ્ફળતાને ઢાંકવાના બહાના શોધે છે. પોતે સફળ ન થઈ શકવા પાછળ પોતાની જ કોઈ મર્યાદા હોવાનો સ્વીકાર ન કરી શકનારા કલાકારો પોતાની રહી-સહી કલાને પણ લૂણો લગાડે છે.

હાસ્યાસ્પદ અને અતિશયોક્તિ સભર, વિશેષણ મંડિતત દાવાઓ કલાકારને હાનિ પહોંચાડે છે. પોતાની કલાની રજૂઆતના વધુ સારા અને ઉચ્ચ મોકાની શોધમાં હોય એમણે એનાથી બચવું જોઈએ. જાહેરાતની ભાષા સ્તર નક્કી કરે છે. શબ્દ, છળ, ચમત્કૃતિ, આંચકો આપવો વગેરે ધ્યાન ખેંચવામાં જરૂર સફળ થાય છે પણ પોલ પણ ખોલી નાખે છે. નવરાત્રીના ઢોલ વચ્ચે જાહેરાતોના ઢોલ વાગી રહ્યા છે, સહુને સહુની પાત્રતા મુજબ મળે છે અને છેતરાનારા ફરી છેતરાતા નથી !

-તુષાર શુક્લ

સૌજન્ય : સ્વરસેતુ



## નવરાત્રી ચારે કોર

બીજા નોરતે ગીત-સંગીતની સંગત :

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે તેજલ ગુલાબ, નિકીતા બ્રહ્મભટ્ટ (હિટ્સ ઓફ મ્યુઝીકલ ગૃપ, પાલનપુર).
- સરઢવ : વારાહી ચોક ખાતે ટીના રબારી, જય મેલડી મ્યુઝીકલ ગૃપ.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે શ્રી ગણેશ ગૃપ અને હરેશ ભાટિયા.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે જય અંબે કલાવૃંદ, મહેન્દ્રભાઈ રાવળ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ઝલક મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં ગૌરીશંકર એન્ડ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે ગોલ્ડન ચિયર્સ.
- લાયન્સ કલબ ગરબા ગ્રાઉન્ડ ખાતે સુરીલી સરગમ.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં અનુપમ વ્યાસ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં જય માતાજી મ્યુઝીકલ ગૃપ, નીતિનભાઈ સાધુ.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગૃપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે ધર્મેન્દ્ર નાયક, કોમલ પ્રજાપતિ, શિલ્પા પટેલ, સુરમધુર ગૃપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે આલાપ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે જય અંબે મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે ગાયત્રી એન્ડ પાર્ટી.

## અંબે મા, રમો


રમો રમો અંબે મા, રમો અંબે મા રમો આજે મન મેલીને
અહીં ગરબા રમઝટ જામ્યા, અંબે મા રમો આજે મન મેલીને
આજ ઢોલીડો ભારે રંગમાં છે,
જાણે ઢોલ ને દાંડી જંગમાં છે.
એની દાંડીના હલકારે, અંબે મા રમો આજે મન મેલીને
અહીં ચાંદો નથી, અહીં સૂરજ નથી,
અહીં અજવાળાનો બૂરજ નથી.
ઝીણા કોડિયાના ઝબકારે, અંબે મા રમો આજે મન મેલીને
અહીં ગુર્જર નારી હેલે ચડી,
ઉમંગથી આખી સોને મઢી.
એની તાળીઓના થડકારે, અંબે મા રમો આજે મન મેલીને

- રણછોડ વી પરમાર

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# નારીઓનો આદર્શ : સ્ત્રીત્વ



મહાના આર્યોએ, બુધ્ધ સહિત સ્ત્રીને હંમેશા પુરુષની સમાન કક્ષાએ સ્થાન આપ્યું છે. તેમને મન ધર્મના ક્ષેત્રમાં લિંગભેદને સ્થાન નહોતું. વેદો ને ઉપનિષદોમાં સ્ત્રીઓ સર્વોચ્ચ સત્યોનો ઉપદેશ કરતી ને પુરુષોની પેઠે સમાન સન્માન પામતી.

ભગવાન બુધ્ધે ધર્મમાં સ્ત્રીના હકને સમાન કક્ષા પર સ્વીકાર કરેલો. તેમની પ્રથમ અને મહાન શિષ્યા તે તેમની પોતાની પત્ની હતી. તે ભારતની સ્ત્રીઓમાંની સમગ્ર બૌધ્ધ ધર્મ પ્રવૃત્તિની અધ્યક્ષ સ્થાને હતી.

ભારતના સંતોની હારમાળામાં સ્ત્રી સંતોની એક વિશિષ્ટતાનું વર્ણન કરતાં સ્વામીજીએ કહ્યું કે ખ્રિસ્તી ધર્મમાં તમને સંતોમાં કેવળ પુરુષોનાં નામો જ સાંપડવાના, જ્યારે ભારતના પવિત્ર ગ્રંથોમાં સ્ત્રીઋષિઓ અનોખું સ્થાન ધરાવે છે.

રાજા જનકની સભમાં યાજ્ઞવલ્ક્યને પ્રશ્નો પૂછનાર કોણ હતું ? તેની મુખ્ય પરીક્ષક હતી જાણીતી વક્તા વાચકનવી, જે બ્રહ્મવાદિની તરીકે ઓળખાતી. આપણા સંસ્કૃત નાટકો વાંચી જુઓ; શકુંતલાની કથા વાંચી જુઓ ને પછી જુઓ કે ટેનીસનની રાજકુમારી નામની કવિતામાં આપણને કાંઈ નવું શીખવા જેવું રહે છે કે ?

સ્ત્રી જાતિના આર્યને સેમિટિક આદર્શો સદાય એકબીજાથી ઉત્તર-દક્ષિણ ધ્રૂવ જેટલા વિરુદ્ધના રહ્યા છે. સેમેટિક પ્રજાઓમાં ધર્મમાં સ્ત્રીની હાજરી જોખમકારક, અનિચ્છનીય ગણી છે. અરે જેઓ કોઈ પણ ધર્મ કાર્ય કરે તે સુધ્ધાં વર્જ્ય મનાય છે. પરંતુ, આર્યોમાં પત્ની વિના માણસથીત કોઈ ધર્મકાર્ય થઈ શકતું નથી.

સ્ત્રીઓની સ્થિતિ સુધાર્યા સિવાય જગતનું કલ્યાણ શક્ય નથી. પક્ષી એક પાંખે ઊડી શકે નહીં. તેથી જ રામકૃષ્ણ પરમહંસે સ્ત્રીનો ગુરુ તરીકે સ્વીકાર કર્યો છે અને તેમણે સ્ત્રીના સ્વાંગમાં અને સ્ત્રી ભાવે સાધના કરેલી. સ્ત્રીઓ જગદંબાના પ્રતીક છે એમ કહીને તેઓ સ્ત્રીને માતૃત્વની ભાવનાથી જોવાનો ઉપદેશ આપતા.

જો તમે કોઈને સિંહ નહીં થવા દો તો તે શિયાળ બનશે. સ્ત્રીઓ એક શક્તિ છે, તે અનિષ્ટરૂપે પણ હોઈ શકે. કોઈ પણ દેશની પ્રગતિની પારાશીશી તે દેશની સ્ત્રીઓ પ્રત્યેની તેની વર્તણૂંકમાં રહેલી છે. પ્રાચીન ગ્રીસમાં પુરુષ અને સ્ત્રીની સ્થિતિમાં બિલકુલ ભેદભાવ હતો નહીં. પુરેપુરી સમાનતાનો વિચાર અસ્તિત્વમાં હતો. પરણ્યો ન હોય ત્યાં સુધી કોઈ હિન્દુ પુરોહિત હોઈ શકે નહીં, તેની પાછળ ભાવના એ છે કે કુંવારો માનવી કેવળ અર્ધમાનવી છે, અપૂર્ણ છે. સંપૂર્ણ સ્ત્રીત્વની ભાવના સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે. આધુનિક હિન્દુ મહિલાના જીવનની મુખ્ય ભાવના તેનું સતીત્વ છે. પત્ની એક એવા વર્તુળનું કેન્દ્ર છે જેની મજબૂતી પત્નીના સતીત્વ પર આધાર રાખે છે.

આ ભાવનાના અતિરેકને પરિણામે હિન્દુ વિધવાઓને બળી મરવું પડતું. હિન્દુ સ્ત્રીઓ ખૂબ આધ્યાત્મિક ને ઘણી ધાર્મિક છે. કદાચ જગતની કોઈ પણ સ્ત્રીઓ કરતાં આ બાબતમાં તેઓ મોખરે છે. આ સુંદર ગુણો જો આપણે જાળવી રાખી શકીએ ને સાથોસાથ જો આપણે સ્ત્રીઓનો બૌદ્ધિક વિકાસ સાધી શકીએ તો ભવિષ્યની હિન્દુ નારી જગતની આદર્શ સ્ત્રી બનશે.

મારા મત મુજબ કોઈ પણ પ્રજા સંપૂર્ણ પવિત્રતાના આદર્શને પહોંચી શકે તે પહેલાં તેણે લગ્નની અવિચ્છેદ્યતા ને પવિત્રતા દ્વારા માતૃત્વ માટેના મહાન સન્માનની ભાવના કેળવવી જોઈએ. રોમન કેથલિકો અને હિન્દુઓએ લગ્નને પવિત્ર ને અવિચ્છેદ્ય ગણીને પ્રચંડ શક્તિશાળી અતિ પવિત્ર નરનારીઓને ઉત્પન્ન કર્યા છે. તેથી જ્યાં સુધી જીવનમાં લગ્નનો એક મહાન ને પવિત્ર આદર્શ વિકસે નહીં ત્યાં સુધી મને તો લાગતું નથી કે ત્યાં મહાન સાધુઓ અને સાધ્વીઓ કેવી રીતે પાકી શકે. જેમ તમે જોયું છે કે જીવનનો મહિમા છે પવિત્રતા; તેમ થોડીક આ જીવન ચારિત્ર્યવાન વિભૂતિઓ ઉત્પન્ન થઈ શકે એટલા માટે વિશાળ જન સમુદાય માટે આ મહાન પવિત્ર આદર્શની આવશ્યકતા તરફ મારી આંખો પણ ખુલી ગઈ છે.